જન્મદિને વધામણી

બી જે શાહ
ઉપપ્રમુખ, શ્રી સમસ્ત ખડાયતા સમાજ

કૌશિક જયદેવભાઈ ભટ્ટ
જિલ્લા રોગી કલ્યાણ સમિતિ
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા
ગાંધીનગર જિલ્લા રેડક્રોસ

આર મોચ
સભ્ય, સહયોગ મંડળ

દિશાંત સોની
મો. ૯૪૦૮૮ ૬૩૭૩૭

રશ્મિકુમાર આર જોષી
મો. ૯૪૨૬૪ ૦૧૪૩૦

ઝડપી શિક્ષણ માટે સિનેમા શ્રેષ્ઠ માધ્યમ બની શકે : અદૂર ગોપાલકિષ્ણન

સિનેમા એ ઈતિહાસનું ડોક્યુમેન્ટેશન કરવાનું અને તેને ફરીથી જીવંત કરવાનું અદભૂત માધ્યમ છે

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ યુનિવર્સિટીના પાંચમા કોન્વોકેશનમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા જાણીતા ફિલ્મમેકર પદ્મવિભૂષણ અદૂર ગોપાલકિષ્ણને યુનિવર્સિટીઓએ ભણતર માટે સિનેમાને ધ્યાનમાં રાખવું જોઈએ તેમ જણાવ્યું હતું. ઝડપી શિક્ષણ માટે સિનેમા શ્રેષ્ઠ માધ્યમ બની શકે તેમ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. અદૂર ગોપાલકિષ્ણને જણાવ્યું હતું કે, 'પહેલેથી જ યુનિવર્સિટીઓ સિનેમાથી અંતર રાખતી આવી છે. સિનેમા એ ઈતિહાસનું ડોક્યુમેન્ટેશન કરવાનું અને તેને ફરીથી જીવંત કરવાનું અદભૂત માધ્યમ છે. શિક્ષણ પ્રત્યેનો જૂનો અભિગમ ત્યજીને ભણતરના નવા માધ્યમ તરીકે યુનિવર્સિટીઓએ સિનેમાનું અપનાવી લેવું જોઈએ. ફિક્શન, કવિતા, ચિત્રકળા જેવી વિવિધ કળાઓ માટે સિનેમા ઉત્કૃષ્ટ માધ્યમ છે. આથી યુનિવર્સિટીઓએ સિનેમાને શિક્ષણનું જ માધ્યમ સમજીને તેમાં ડિગ્રી કોર્સ ઓફર કરવા જોઈએ.'

યુનિવર્સિટીના પ્રોફેસર પંકજ ચંદ્રાએ સંશોધન ક્ષેત્રે આગળ વધવા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓએ રિસર્ચ અને ડેવલપમેન્ટને પ્રાધાન્ય આપીને સમાજના ઘડતરમાં મદદરૂપ થવાનું ધ્યેય રાખવું જોઈએ. સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ અન્યના ભલા માટે થવો જોઈએ.'

યુનિવર્સિટીના ચાન્સેલર સંજય લાલભાઈએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, 'લિબરલ આર્ટ્સ સાયન્સ અને ટેકનોલોજી સાથે સંગમ સાધીને સમાજના વિકાસમાં ફાળો આપે તેવું અમારું ધ્યેય છે. બાયોલોજી, બિહેવિયરલ સાયન્સ, સ્વાસ્થ્ય, કૂપોષણ વગેરે અનેક સમસ્યાના આ અભિગમથી ઉકેલ શોધી શકાય છે.'

યુનિવર્સિટીના આ પાંચમા કોન્વોકેશનમાં ૧૧૩૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી જેમાંથી ૮૧૯ વિદ્યાથીઓ અમૃત મોદી સ્કૂલ ઑફ મેનેજમેન્ટ, ૩૦૦ વિદ્યાથીઓ સ્કૂલ ઑફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ૧૨ વિદ્યાથીઓ સ્કૂલ ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના હતા.

દેશમાં સંશોધનની જેટલી તકો આજે છે તેટલી અગાઉનાં વર્ષોમાં ક્યારેય નહોતી

ગાંધીનગર, તા. ૨૯

દેશમાં સંશોધનની જેટલી તકો આજે ઉપલબ્ધ છે તેટલી અગાઉનાં વર્ષોમાં ક્યારેય ન હતી. આજે યુવા સંશોધકો પોતાનો સમય લૅબોરેટરીમાં વ્યતિત કરી શકે છે અને સખ્ત મહેનત કરીને આ ક્ષેત્રમાં નામ પણ કાઢી શકે છે.

ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલે આ મત વ્યક્ત કર્યો હતો.

વિનસ કૉલેજ ઑફ ટૅકનોલૉજી અને ઍસીએમ ચૅપ્ટરના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે આયોજિત ઇન્ફર્મેશન અને કમ્યુનિકેશન ટૅકનોલૉજી અંગેની એક આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સને સંબોધતાં તેમણે આ મત વ્યક્ત કર્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઍમ ઍન પટેલે જણાવ્યું હતું કે સંશોધનના પ્રતાપે જ આપણે આજના જમાનામાં ડિવાઈસીસ ખિસ્સામાં રાખતા થયા છીએ. સીઈડીના ડિરેક્ટર ડૉ. ચંદન ચેટર્જીએ જણાવ્યું હતું કે ઍપ્લાઈડ રિસર્ચના આઈડિયા આજે બિઝનેસમાં રૂપાંતરિત થવા માંડ્યા છે. તેમણે ઈન્ટેલિજન્ટ સિસ્ટમ્સમાં યુવા વર્ગ દ્વારા સારા સ્તરનાં સંશોધનો પ્રત્યે આશાવાદ વ્યક્ત કર્યો હતો. વિનસ ઈન્ટરનૅશનલ કૉલેજના ચૅરમૅન રિષભ જૈને દેશની આજની પ્રગતિ યુવા સંશોધકોને આભારી ગણાવી હતી. બે દિવસની આ કૉન્ફરન્સમાં ઍકેડૅમિક સંશોધકો, વિજ્ઞાનીઓ, ઈન્ડસ્ટ્રીયલ ઍન્જિનીયર્સ, સિક્યુરિટી ઍક્સપર્ટ્સ, શિક્ષણક્ષેત્રનાં વ્યાવસાયિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
છેલ્લો દિવસ
૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
સ્પેક્ટર (અંગ્રેજી)
૪.૪૫
ધ હંગર ગેમ્સ
૨.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
છેલ્લો દિવસ
સવારે ૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૫
તમાશા
૧૦.૦૦, ૯.૩૦

વિશ્વકોશ ખાતે 'પરભવના પિતરાઈ' નવલકથાનું વિમોચન-સ્ક્રિનિંગ થયું

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ વિશ્વકોશ ખાતે શનિવારે રજનીકુમાર પંડ્યાની નવલકથા 'પરભવના પિતરાઈ'ની ત્રીજી આવૃત્તિનું વિમોચન અને તેના પરથી બનેલી ટેલિફિલ્મનું સ્ક્રિનિંગ યોજાયું હતું. આઝાદી પૂર્વે સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓ વ્યસનો, વહેમો, આદિમ કક્ષાની અંધશ્રધ્ધાઓ અને કુરિવાજો સાથે સાવ મંદપ્રાણ બનીને જીવતા હતા. આવા દિવસો અને વાતાવરણ વચ્ચે નરસિંહભાઈ ભાવસાર નામનો એક ઉજળીયાત જુવાન પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની નોકરી છોડીને પોતે જેને પોતાના 'પરભવના પિતરાઈ' માનતો હતો એવાં આદિવાસી બાળકોને શિક્ષણ અને સમગ્ર વનવાસી પ્રજાને સંસ્કાર આપવાનું એક અનોખું કાર્ય ઉપાડે છે. આ યુવાનના સંઘર્ષને ચરિત્રનવલમાં ચિતાર અપાયો છે. આ જ વિષય પરથી 'પરભવના પિતરાઈ' ટેલિફિલ્મ બની છે. તેનું સ્ક્રિનિંગ થયું. ત્યાર બાદ ફિલ્મના દિગ્દર્શક નિમેષ દેસાઈએ ફિલ્મ વિશે અને રજનીકુમાર પંડ્યાએ તેમની આ નવલકથાના સર્જન વિશે વાત કરી હતી. આ નવલકથાની ત્રીજી આવૃત્તિનુંઆ કાર્યક્રમમમાં વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્વારકામાં શંકરાચાર્ય સાથે મુલાકાત કરશે

ગાંધીનગર, તા. ૨૯

જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી ગુજરાતની મુલાકાતે છે ત્યારે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પણ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. જે અંતર્ગત તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ દ્વારકા-શારદાપીઠ ખાતે જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી વચ્ચે મુલાકાત થશે અને માનનીય રાષ્ટ્રપતિજી આદિ શંકરાચાર્યજીનું પાદુકા-પૂજન પણ કરશે. તારીખ બીજી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી જગતમંદિર-દ્વારકાની સાથે જ શારદાપીઠ-દ્વારકા ખાતે પણ પધારશે અને આદિ શંકરાચાર્યજીનું પાદુકા પૂજન કરશે. પછી બંને મહાનુભાવો સાંપ્રત વિષયો ઉપર ચર્ચા-વિચારણા કરશે. દંડીસ્વામીજીએ જણાવ્યું કે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સ્વયં કાલિના ઉપાસક છે અને તેઓ નવરાત્રિ અનુષ્ઠાન કરે છે ને તેમણે જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી પાસેથી 'શ્રીવિદ્યા'ની દીક્ષા પણ લીધી છે.

વિશ્વકોષ દ્વારા બીજીથી વિશ્વ સંસ્કૃતિ પર્વ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વિશ્વકોશના ત્રિશતાબ્દિ મહોત્સવ પ્રસંગે તા. બેથી ચાર ડિસેમ્બર દરમિયાન વિશ્વસંસ્કૃતિ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે અમર ભટ્ટ દ્વારા વિશ્વ કવિતાની સંગીતમય રજૂઆત કરાશે. ત્રીજીએ ગ્રંથોત્સવ અંતર્ગત ગુજરાતી વિશ્વકોશના ખંડ ૮ની નવસંસ્કરિત આવૃત્તિ, બાળવિશ્વકોશનો ભાગ ૬, ભરત દવે લિખિત 'વાસ્તવવાદી નાટક' પુસ્તક, અરૂણ વૈદ્ય દ્વારા લિખિત પુસ્તક 'બીજગણિત'નું રાજ્યપાલ ઓ.પી. કોહલી તેમજ દાઉદભાઈ ઘાંચી વિમોચન કરશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩ ડિસેમ્બરથી

'એનર્જાઈઝિંગ કલ્ચર્સ : ધ ઈકો-સેન્ટ્રીક ઈન્ડિયન એક્સ્પિરિયન્સ' વિષયે સેમિનાર

ગાંધીનગર, તા. ૨૯

વેદ અને વેદમાં આપેલા શ્લોક, વૈદિક સંસ્કૃતિ અને અર્વાચીન વિજ્ઞાનના સમન્વયથી સમાજના નાનામાં નાના લોકોને ફાયદો થાય અને ખાસ કરીને ખેડૂતો પ્રાચીન ખેતીના ફાયદાઓ મેળવી શકે તેવા હેતુથી ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૩થી ૫ દરમિયાન એનર્જીઈઝિંગ કલ્ચર્સ : ધ ઈકો-સેન્ટ્રીક ઈન્ડિયન એક્સ્પિરિયન્સ વિષય પર ત્રણ દિવસની ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. જેમાં ઈકો ફ્રેન્ડલી ખેતી અને જીવન વિષય પર સળંગ ત્રણ દિવસ સુધી ચર્ચા-વિચારણા કરાશે. આ સેમિનારના ઉદ્ઘાટનમાં મુખ્ય અતિથિ તરીકે શિવયોગના સ્થાપક અવધૂત શિવાનંદજી ઉપસ્થિત રહેશે. ઉત્તરાખંડ યુનિવર્સિટીના કુલપતિ પણ ખાસ હાજરી આપશે. આ ઉપરાંત વેલિડિટરી સેશનના ચીફ ગેસ્ટ તરીકે આયુષના મંત્રી પરિવાર અને કલ્યાણ મંત્રી શ્રીપદ નાઈક અને ટ્રાન્સપોર્ટ મંત્રી શંકર ચૌધરી હાજરી આપશે.

સેમિનારનું ઉદ્ઘાટન રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે કરાશે. આ કોન્ફરન્સ અંતર્ગત અમુત્સ્યા ભોજનમ પ્રદર્શન યોજવામાં આવશે. જેમાં ભારતમાં પેદા થતાં વિવિધ પાક, અનાજ, કઠોળ, શાકભાજી, ફળો અને ધાન્યનું પ્રદર્શન યોજાશે. આ તમામ વસ્તુને પૌરાણિક પધ્ધતિ મુજબ કોસ્મિક એનર્જીના ઉપયોગ કરીને ઉગાડી શકાય તે દર્શાવાશે. સેમિનારના અંતે દક્ષિણ આફ્રિકા, યુએસએ અને મલેશિયાની યુનિવર્સિટી સાથે વેલેડિક્ટરી એગ્રિમેન્ટસ થશે. અગ્રણી અમેરિકન વિજ્ઞાની ડો. બિન્દુ કાન્સુપાડાના રિસર્ચ પેપરની રજૂઆત કરશે.

ભારતીય વૈદિક સંસ્કૃતિ અને તેમાં આપેલી જાણકારી સાયન્સ એન્ડ ટેકનોલોજીના સમયમાં કેટલી વ્યાજબી અને પ્રસ્તૂત છે તેની છણાવટ આ સેમિનારમાં કરાશે. કુદરતી ઊર્જાનો ઉપયોગ કરીને એગ્રિકલ્ચર ઈકોલોજીને કેવી રીતે ઉત્તેજન આપી શકાય અને તેના કેવા પરિણામો મળે તેની ચર્ચા કરાશે. આરોગ્યપ્રદ અને ફંકશનલ ઈકોલોજી સમાજ પર મજબૂત અને લાંબા સમય સુધી ટકી રહે તેવી અસર પાડતી હોય છે.

પૌરાણિક વૈદિક સંસ્કૃત હસ્તપ્રદોમાં આજે પણ એ વાતનો ઉલ્લેખ જોવા મળે છે કે ભૂતકાળમાં પણ કુદરતી તત્વોને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. હાલમાં વધુ પડતાં રસાયણિક જંતુનાશક તત્વો અને કેમિકલના ઉપયોગથી ખેતપેદાશો ઘટવાની સાથે માનવજાત પર વિપરીત અસરો જોવા મળી રહી છે. સેમિનારમાં પૌરાણિક વેદોમાં જે રીતે કૃષિ વિષયક કાર્યો, વૈદિક ફોર્મ્યુલા કે જેનાથી ખેતીમાં સુધારો થાય તેની જાણકારી અપાશે.

ચૂંટણીના કારણે જીટીયુનાં પરીક્ષા સ્થળોમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૯

જીટીયુ દ્વારા લેવાનારી પરીક્ષાઓમાં એમબીએ-એમસીએ કોલેજોમાં ફાળવેલા પરીક્ષા કેન્દ્રોમાં ચૂંટણીના કારણે કેટલાક ફેરફાર કરાયા છે. પરીક્ષા કેન્દ્રો, તારીખ સહિતની માહિતી જીટીયુની વેબસાઈટ પર મૂકવામાં આવી છે, જે જોઈ લેવા જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું છે.

કાનજીભાઈ બાવરી : ધંધો સમેટીને યોગને કર્યું જીવન સમર્પિત : અનેકને આપ્યું નવજીવન

પાતળો, સપ્રમાણ દેહ, વિશાળ ભાલ, ચમકતી આંખો, તેજથી તરવરતો ચહેરો, આખા શરીરમાં ક્યાંય એક પણ ઈંચ વધારાની ચરબી નહીં, બેઠા હોય ત્યારે શરીર એકદમ ટટ્ટાર, ચાલતા હોય ત્યારે, વ્યક્તિએ કેવી રીતે ચાલવું તેની નિદર્શન કરી શકાય તેવી ચાલ, વિચારો એકદમ સ્પષ્ટ, બોલતા હોય ત્યારે એવી ઈચ્છા થાય કે તેઓ સતત બોલ્યા જ કરે અને આપણે સાંભળ્યા કરીએ...

વાત થઈ રહી છે કાનજીભાઈ ધનજીભાઈ સોલંકીની. ગાંધીનગર જિલ્લામાં તેઓ યોગગુરુ કાનજીભાઈ બાવરી તરીકે ઓળખાય છે. પતંજલિ યોગ સમિતિના તેઓ ગાંધીનગર જિલ્લાના પ્રભારી છે. યોગની મદદથી હજારો લોકોના જીવનમાં તેમણે અજવાળું પાથર્યું છે. યોગનો વધુ ને વધુ પ્રસાર કરી શકાય અને યોગની મદદથી લોકો સારી રીતે જીવન જીવી શકે તેવી લાગણીના ધક્કાથી તેમણે પોતાનો ધંધો પણ સમેટી લીધો છે અને હવે તેઓ પૂર્ણ સમય યોગના પ્રસારને આપી રહ્યા છે.

જો કાનજીભાઈ જેવા બીજા થોડાક યુવાનો ભારતને મળી જાય તો ભારતની મોટા ભાગની સમસ્યાઓનો ઉકેલ આવી જાય.

●●●

કાનજીભાઈનું વતન રાજસ્થાન, પરંતુ તેમનો જન્મ ગાંધીનગરમાં. પિતા ધનજીભાઈ અને માતા કસ્તુરીબહેન. ચાર ભાઈઓ. કાનજીભાઈ એસ.એસ.સી. સુધી ભણ્યા એ પછી સિવિલ કોન્ટ્રાક્ટર બન્યા. ધંધો સારો ચાલતો હતો. નાનપણમાં રમત-ગમતનો શોખ. કબડ્ડી, ખો-ખો વગેરેના ખેલાડી. માર્શલ આર્ટ્સ શીખ્યા. જો કે સંતોષ ન થયો. તેમને તો મનની શાંતિ જોઈતી હતી. તેમને થયું કે ભારતના ઋષિ-મુનિઓએ જેની વાત કરી છે તે યોગ શીખીએ. ગાંધીનગરમાં શરૂઆતમાં તેઓ સેક્ટર-૬માં જોશીદાદા પાસે યોગ શીખતા. ટેલિવિઝનની આસ્થા ચેનલ પર બાબા રામદેવના યોગ ક્લાસ ચાલતા. રોજ સવારે વહેલા ઊઠી જાય અને યોગ શીખે. એ પછી તો તેઓ હરિદ્વાર પણ ગયા. આ વાત છે ૨૦૦૮ની. યોગ તાલીમ લીધી.

વાચકોની કોલમ

યોગ તેમના જીવનનો સૌથી મોટો વળાંક બની ગયો.

●●●

યોગની તાલીમ મળી, યોગશિક્ષકનું પ્રમાણપત્ર મળ્યું એ પછી તેમણે લોકોને યોગ શીખવવાનું ચાલુ કર્યું. યોગમાં ખૂંપતા ગયા, ધંધામાંથી બહાર આવતા ગયા. પતંજલિ યોગ સમિતિએ તેમને ગાંધીનગર જિલ્લાના પ્રભારી બનાવ્યા. દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર એમ ચાર તાલુકાની જવાબદારી તેમના પર આવી. ગામોનાં ગામોમાં ફરીને તેમણે લોકોને યોગ શીખવવાનું ચાલુ કર્યું. અત્યાર સુધી હજારો લોકોને તેમણે યોગ શીખવ્યો છે. અનેક લોકોને તેમણે નવજીવન આપ્યું છે.

તેમની સાથે એક મિત્ર ભણતા હતા, તેમનુ નામ રાજેશભાઈ પ્રજાપતિ. એક વાર મિત્ર રાજેશભાઈ મળી ગયા. ખબર પડી કે તેઓ તો ખૂબ જ દુ:ખી હતા. તેમને હાઈપર એસિડિટીનું દર્દ હતું. અલ્સરમાં ચાંદાં પડી ગયાં હતાં. ભગંદરની પણ શરૂઆત થઈ ગઈ હતી. દર્દ એ હદે પહોંચ્યું હતું કે રાજેશભાઈ પાણી પીતા હતા તો પણ તેમને ખૂબ પીડા થતી હતી. છાતીમાં ચીરો પડતો હોય તેવી અસહ્ય વેદના તેઓ અનુભવતા. એટલા બધા હતાશ થઈ ગયા હતા કે તેમણે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું. રાજેશભાઈએ કાનજીભાઈને કહ્યું કે મેં ગાંધીનગરનો એક પણ ડોક્ટર બાકી નથી રાખ્યો, એટલું જ નહિ, અમદાવાદના પણ મોટા મોટા ડોક્ટરોને બતાવ્યું છે. માત્ર હાથ પકડવાની ૧૦૦૦ રૂપિયા ફી મેં આપી છે. કોઈ પરિણામ આવ્યું નથી. હવે તો એવો ડર ઘૂસી ગયો છે કે મારું ગમે ત્યારે મૃત્યુ થઈ જશે. મને જીવનમાં પણ કોઈ રસ રહ્યો નથી. કાનજીભાઈએ કહ્યું કે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ અને પ્રાણાયામથી બધું સારું થઈ જશે. તેમણે રાજેશભાઈની દિનચર્યા ગોઠવી આપી. યોગ-પ્રાણાયામ શરૂ કર્યા. શું ખાવું શું ન ખાવું તે નક્કી કરી આપ્યું. માત્ર થોડા દિવસમાં જ પરિણામ આવવા લાગ્યું. આજે તો તેઓ ૧૦૦ ટકા નહિ, ૧૧૦ ટકા સારા થઈ ગયા છે. મોજથી ખાય છે, પીવે છે, ધંધો કરે છે અને દેશ-વિદેશમાં ફરે છે. થેન્ક્સ ટુ યોગ, થેન્ક્સ ટુ આયુર્વેદ.

અન્ય એક કેસની વાત કરીએ. નામ તેમનું ભારતીબહેન શાઉ. એવું નિદાન થયું કે તેમની ૮૦ ટકા નળીઓ બ્લોકેજ છે. બાયપાસ સર્જરી કરાવવાની હતી. ભારતીબહેનના મનમાં એવો ડર ઘૂસી ગયો હતો કે સર્જરી નિષ્ફળ જશે. તેઓ કાનજીભાઈના યોગવર્ગમાં આવ્યાં. કાનજીભાઈએ હસતાં હસતાં કહ્યું કે તમે મને લખી આપો કે હું જે ઉપચાર ગોઠવીશ તે તમે છ મહિના કરશો. હું તમને એવું લખી આપું કે છ મહિનામાં કોઈ ફરક ન પડે તો તમારી સર્જરીના તમામ રૂપિયા હું આપીશ. કાનજીભાઈએ યોગ-પ્રાણાયામ અને આયુર્વેદનો ઉપચાર ગોઠવ્યો. જોતજોતામાં સારું થઈ ગયું.

બી.પી.ની ગોળી એક વાર શરૂ કર્યા પછી ડોક્ટરો તેને છોડવાની ના પાડતા હોય છે. ડોક્ટરો પાસે પણ તેનાં વાજબી કારણો હશે! જોકે કાનજીભાઈએ ઘણા લોકોની બી.પી.ની ગોળી છોડાવી છે. થાઈરોઈડનો કોઈ અક્સીર ઈલાજ નથી, પરંતુ કાનજીભાઈ ત્રણ મહિનામાં વ્યક્તિને થાઈરોઈડની બીમારીથી દૂર કરે છે. ઘૂંટણનો દુ:ખાવો હોય કે બહેનોને માસિકની અનિયમિતતા હોય, શ્વેતપ્રદરની બીમારી હોય કે પછી અન્ય કોઈ પણ બીમારી, કાનજીભાઈ કહે છે કે યોગ પાસે દરેક દર્દનો ઈલાજ છે. તેમણે હજારો દર્દીઓનાં દર્દ મટાડ્યાં છે.

કાનજીભાઈ કહે છે કે યોગ, પ્રાણાયામ, પ્રાર્થના કે આયુર્વેદ આ બધી આપણી મોટી શક્તિઓ છે. જીવનશૈલીને આદર્શ રીતે ગોઠવવાથી જ મોટા ભાગની સમસ્યાઓ ઉકેલાઈ જાય છે. રોજ સવારે ચાર વાગ્યે જાગવાનું અને રાત્રે દસ વાગ્યે સૂવાનું, કેટલું બોલવું, આહાર-વિહારમાં ધ્યાન રાખવું, કેટલુ પાણી પીવું? કેવી રીતે પાણી પીવું? બેઠાં બેઠાં પાણી પીવું કે ઊભાં ઊભાં પાણી પીવું? આ બધી બાબતો તેઓ શીખવે છે. તેઓ કહે છે કે દરેક વ્યક્તિમાં શક્તિ ભળેલી હોય છે. એ શક્તિને ઉજાગર કરવાની હોય છે.

કાનજીભાઈ ઘણા સમયથી અખબાર વાંચતા જ નથી. તેઓ કહે છે કે સવારનો સમય સૌથી શ્રેષ્ઠ સમય હોય છે. નકારાત્મક બાબતો જાણીને કે વાંચીને આપણે આપણા મનને શા માટે પ્રદૂષિત કરવું જોઈએ? તેઓ કહે છે કે ભ્રષ્ટાચારને કારણે, તનાવને કારણે લોકો ખૂબ દુ:ખી છે. આ બધાનો યોગ પાસે ઈલાજ છે.

નવાઈ લાગે એવી વાત એ છે કે કાનજીભાઈએ તો આર્થિક ઉપાર્જન કરવાનું જ છોડી દીધું છે. અત્યાર સુધી જે કમાયા હતા, તે મૂડીથી જ ઘર ચાલી રહ્યું છે. જોકે ભવિષ્યની તેમને સહેજ પણ ચિંતા નથી, તેઓ માને છે કે ઈશ્વર બધું ગોઠવી આપશે. કાનજીભાઈનાં જીવનસાથી સીતાબહેન તેમને આ પ્રવૃત્તિમાં પૂરો સહયોગ આપે છે. સંતાનો કવિતા (૧૦ વર્ષ) અને હિતેન્દ્ર (૯ વર્ષ)એ પણ યોગની તાલીમ લીધેલી છે. તેઓ બંને કડી સ્કૂલમાં અભ્યાસ કરે છે.

કાનજીભાઈ માને છે કે દરેકેદરેક વ્યક્તિએ યોગ કરવો જોઈએ. સંતોષ અને શાંતિ સાથેનું જીવન હોય તો અનેક બીમારીથી દૂર રહી શકાય છે.

યોગ અને આયુર્વેદ જેવી ભારતની મોટી સંપતિ મેળવીને કાનજીભાઈ સમૃદ્ધ થયા છે. તેઓ સ્વાર્થી રહેવા માગતા નથી. આ સમૃદ્ધિ ભારતના વધુ ને વધુ લોકો સુધી તેઓ પહોંચાડવા કટિબદ્ધ છે.

કાનજીભાઈને અઢળક શુભ કામનાઓ...

- રમેશ તન્ના

સાહિત્યકારે સામાજિક દાયિત્વ અદા કરવું જરૂરી : ડૉ. કેશુભાઈ દેસાઈ

ગાંધીનગર, તા. ૨૯

સામાન્ય રીતે દિવાળી જેવા ઉત્સવના સમયગાળામાં સમાજનો પ્રબુદ્ધ વર્ગ વૅકેશનના મૂડમાં જોવા મળતો હોય છે, ત્યારે ગાંધીનગર નિવાસી વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ આવા રજાના દિવસો દરમ્યાન પણ વિવિધ સાહિત્ય-સેવા-સમાજલક્ષી કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા. વતનના ગામ ખેરાલુ ખાતે એ પંથકના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓનું સન્માન ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષપદે લીંબચમાતાની વાડીમાં રાખવામાં આવ્યું હતું, જેમાં જૂનાગઢ ખાતે મ્યુનિસિપલ કમિશનરપદે કાર્યરત રાજેન્દ્ર ત્રિવેદી (આઈએએસ) સહિત સો જેટલા અધિકારીઓ અને પ્રતિષ્ઠિત નગરજનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે તેજસ્વી તારલાઓનું પણ સન્માન યોજાયું હતું અને નગરપાલિકાના પ્રમુખ પ્રેમજીભાઈ પટેલ તથા ખેરાલુ કૉલેજના આચાર્ય રણછોડભાઈ ચૌધરી, ખેરાલુ તાલુકા પંચાયતનાં પ્રમુખ રમીલાબેન દેસાઈ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. કેશુભાઈ દેસાઈએ પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં 'માટીની સગાઈ'નો મહિમા કર્યો હતો અને એમના વિદ્યાગુરુઓને અહોભાવપૂર્વક સંભાર્યા હતા.

દિવાળીના જ દિવસો દરમિયાન ઈડર પંથકના રમણીય અંતરિયાળ ગામ વેરાબર ખાતે ચોર્યાસી બ્રાહ્મણ સમાજના ઉપક્રમે બ્રહ્મસમાજની યુવા શિબિરનું ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ હસ્તે ઉદ્ઘાટન થયું હતું. આ યુવા શિબિરમાં ડૉ. દેસાઈએ 'હમ કૌન થે, ક્યા હો ગયે હૈં?' વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું. સમારોહનું સંયોજન જાણીતા શિક્ષણવિદ્ નર્મદ ત્રિવેદીએ કર્યું હતું અને પ્રમુખસ્થાન સમાજનાં મહિલા અગ્રણી સરોજબેન પાઠકે સંભાળ્યું હતું. તા. ૧૪ નવેમ્બરે બાલ દિવસ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં ડૉ. કેશુભાઈએ તેજસ્વી બાળકોનું સન્માન કર્યું હતું. તા. ૨૧ નવેમ્બરની સવારે ભાણપુર (મહુડી) ખાતે જાણીતા શુચિતાસાધક કંચનલાલ શિવરામ પટેલના પંચ્યાશીમા જન્મદિવસે એમનું ભવ્ય અભિવાદન કરાયું હતું જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈએ વયોવૃદ્ધ લોકસેવકની સફાઈ પ્રવૃત્તિને બિરદાવી હતી. એમણે કંચનલાલ પટેલને નેપથ્યમાં રહી શૌચમંગલની ધૂણી ધખાવનારા જાગતા જોગંદર ગણાવ્યા હતા અને 'રોલ મોડલ'ના દુકાળમાં નવી પેઢીએ એમના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ એવી રજૂઆત કરી હતી. સમારંભમાં અધ્યક્ષ સ્થાને લોકભારતીના નાયમક અરૂણભાઈ દવેએ સંભાળ્યું હતું અને સંયોજન સુઘડ પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાનના નિયામક જયેશભાઈ પટેલે સંભાળ્યું હતું.